ઓક્ટોબર-૨૦૨૬

પેન્શનર્સ પ્રકાશ







દિવાળી અને નવા વર્ષની શુભકામનાઓ

અંતરના કોડિયાને સ્નેહથી દીપાવજો, હૈયે હરખના તોરણ સજાવજો
આંગણે આવકારની રંગોળી રચાવજો, આવી છે દિવાળી દિલથી મનાવજો.

પેન્શનર્સ પરિવારના તમામ સદસ્યોને હેપ્પી દિવાળી ! આપના જીવનમાં તેમજ આપના પરિવારમાં આ પ્રકાશ પર્વ સુખ, શાંતિ, સમૃદ્ધિ અને અખૂટ આનંદ લઈને આવે તેવી ઈશ્વરને પ્રાર્થના. શુભ દિપાવલી!

ફૂલઝડી જેવી જીંદગીમાં આ પર્વ તમને અને તમારા પરિવારમાં હરપળ ઉજાસથી ભરી દે, તમારા ઘરમાં ખુશીઓ અને શાંતિનો વાસ લાવે અને તમારા સંબંધોમાં મીઠાશ વધે તેવી એસબીઆઈ પેન્શનર્સ એસોસિએશન તરફથી દિવાળીની હાર્દિક શુભકામના.

વિક્રમ સંવત ૨૦૮૩ના નૂતન વર્ષનું આ પ્રભાત આપના જીવનમાં નવી સફળતાઓ અને ઉત્તમ સ્વાસ્થ્ય લઈને આવે તેવી શુભકામનાઓ !!!

આપ સહુંને નૂતન વર્ષાભિનંદન... નૂતન વર્ષાભિનંદન... નૂતન વર્ષાભિનંદન...

Dear Friends,

The Road Ahead: Retirement as a New Beginning

There is a beautiful story about Vidya Kaur, a former teacher and school principal, who decided at the age of 59 that she wanted to learn to drive. A driving school told her that she was too old to handle busy roads. She could have accepted that advice and quietly abandoned the idea. Instead, she bought a car, found a neighbour willing to teach her, practised patiently and persisted.

Today, at 72, Vidya Kaur drives confidently through the streets of Jammu. She negotiates traffic, meets friends and even parallel-parks.

Her story is not really about driving. It is about **choice, courage and the refusal to allow age—or somebody else's opinion about age—to define the boundaries of one's life.**

For us as retired bankers, there is a particularly powerful message in this story.

Retirement is a change of status—not a surrender of life.

For decades, we lived in an environment of continuous learning. We moved from ledgers to computers, from manual banking to Core Banking, from physical records to digital databases, and from branch banking to ATMs and mobile banking. We learnt new products, regulations, systems and technologies. We adapted to changing customers, changing generations and changing circumstances.

We did all this because the world around us demanded it.

Then came retirement.

And strangely, some of us begin telling ourselves:

"At this age, what is the need?"
"We have done enough."
"Technology is for the younger generation."
"Now let the children handle it."

These may appear to be innocent observations. But, slowly, they can become invisible walls around our lives.

The organisation may retire our designation. It may take back our identity card. But it cannot retire our **curiosity, experience,**

વર્ષ-૧૯ • અંક : ૧૦
પ્રતિ અંક છૂટક કિંમત રૂ.૧૦/-
વાર્ષિક લવાજમ રૂ. ૧૨૦/-

પ્રકાશન સ્થળ : સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયા પેન્શનર્સ એસોસીએશન
એસબીઆઈ ઝોનલ ઓફિસ, ત્રીજા માળે, સી.એન. વિદ્યાલય, આંબાવાડી, અમદાવાદ-૩૮૦૦૧૫

intelligence, creativity or capacity to grow.

The retired banker can become a learner again.

During our working lives, much of our learning was determined by our profession. Retirement gives us something we perhaps did not have enough of earlier—the freedom to decide **what we want to learn**.

It could be Artificial Intelligence or ChatGPT, digital photography, a new language, music, painting, creative writing, public speaking, yoga, meditation, cyber security or digital banking. It could be gardening, cooking, travel planning, mentoring, counselling or volunteering. The objective need not be expertise. The objective is simply to **remain a learner**. There is no loss of dignity in becoming a beginner.

In fact, there is considerable humility—and courage—in saying:

"I don't know this. Teach me."

After spending decades as managers, officers, executives, Chief Associates. Associates decision-makers and mentors, we can consciously add one more identity to our lives:

Learner.

Let us press the REBOOT button

Perhaps we should think of retirement as having a **REBOOT button**.

A reboot does not erase what came before. It carries forward everything valuable from the past while allowing the system to begin afresh.

Our professional lives have already given us a remarkable operating system:

Experience + discipline + people skills + decision-making + resilience + institutional knowledge.

Now we can install new applications.

And perhaps the most important application is a simple question:

"What have I always wanted to learn?"

That question can open an entirely new chapter.

Our second innings need not be a waiting room.

Retirement can sometimes feel like a sudden disappearance of structure. The office disappears. Meetings disappear. Colleagues change. The designation disappears.

And, unfortunately, we may begin to equate the end of employment with the end of relevance.

That is a dangerous misconception.

Our second innings can be different precisely because it does not have to be driven by salary, promotion or designation. We can learn because learning gives us joy. We can volunteer because service gives us meaning. We can write because expression gives us satisfaction. We can travel because exploration gives us freshness. We can mentor because experience becomes valuable when shared.

The question is no longer:

"What do I have to do?"

It becomes:

"What do I want to become?"

That is perhaps the real freedom of retirement.

SBIPA can become a community of lifelong learners

This also presents an opportunity for SBIPA.

Alongside its important concerns relating to the welfare, health and financial well-being of pensioners, SBIPA can help create a culture of **lifelong learning and self-renewal** among retired bankers.

Our own community contains an extraordinary reservoir of knowledge and experience.

One retired banker can teach another how to use a smartphone confidently. Someone familiar with AI can introduce fellow members to ChatGPT and other useful tools. A good writer can conduct a writing session. A traveller can share experiences and help others plan journeys. Someone experienced in public speaking can help others overcome stage fear. Those with counselling, befriending or volunteering experience can help develop these skills among fellow members.

We need not always look outside for experts.

Our own community has much to teach us.

We simply need to unlock it.

A small challenge for every reader

Before the next issue of *Pensioners' Prakash*, let each of us ask ourselves:

What is one thing I have never learnt but would genuinely like to learn?

Write it down.

Do not first ask whether it is practical.

Do not ask whether you are too old.

Do not worry about becoming an expert.

Take the first step.

If it is photography, pick up the camera.

If it is AI, learn one simple application.

If it is music, find a teacher.

If it is writing, write the first paragraph.

If it is travel, plan the first journey.

If it is volunteering, make the first call.

The first step is more important than the final destination.

There is still a road ahead

Vidya Kaur's story reminds us that the most important question is not **"How old am I?"**

Perhaps the better question is:

"When did I last learn something completely new?"

Growing older is inevitable.

Growing stagnant is optional.

The road ahead may not be the same road we travelled during our professional lives. But there is still a road. There are still destinations. There are new skills to acquire, new people to meet, new causes to serve, new books to read, new ideas to explore and new dreams to pursue.

We have completed one important journey.

Why should we assume that the journey is over?

Perhaps retirement is simply the point at which we pull the car over for a moment, take a breath, look at the map again—and choose a **new destination**.

So, dear fellow pensioners, let us press the **REBOOT** button.

Not because our past was inadequate.
But because **our future still has possibilities.**
Let us remain curious.
Let us remain relevant.
Let us remain useful.
Let us remain learners.
And, above all, let us refuse to put an expiry date on our dreams.
Because retirement may mark the end of our **working life-but it need not mark the end of our learning life.**
Like Vidya Kaur, who began driving at 59 and at 72 is still choosing her own road, perhaps each of us should now ask ourselves:
"What is the next road I want to drive on?"

SBIPA Team is wishing all the members of SBIPA and their families a very happy Diwali

Kamal Kadri, Editor

પ્રિય મિત્રો,

આગળનો રસ્તો : એક નવી શરૂઆત

વિદ્યાકૌર નામનાં એક ભૂતપૂર્વ શિક્ષિકા અને શાળાના આચાર્યાની એક સુંદર વાત છે. જેમણે ૫૯ વર્ષની ઉંમરે ડ્રાઈવિંગ શીખવાનું નક્કી કર્યું. એક ડ્રાઈવિંગ સ્કૂલે તેમને કહ્યું કે વ્યસ્ત રસ્તાઓ પર ગાડી ચલાવવા માટે તેઓ ઘણાં મોટાં થઈ ગયાં છે. તેઓ આ નિર્ણય સ્વીકારીને શાંતિથી પોતાનો આ વિચાર છોડી શકતાં હતાં. પરંતુ તેના બદલે, તેમણે એક ગાડી ખરીદી, પોતાને શીખવવા તૈયાર એક પડોશી શોધ્યાં. ધીરજપૂર્વક અભ્યાસ કર્યો અને હાર ન માની.

આજે, ૭૨ વર્ષની ઉંમરે, વિદ્યાકૌર જમ્મુના રસ્તાઓ પર આત્મવિશ્વાસપૂર્વક ગાડી ચલાવે છે. તેઓ ટ્રાફિકમાં સહજતાથી ગાડી ચલાવે છે, મિત્રોને મળે છે અને પેરેલલ-પાર્કિંગ પણ કરે છે. તેમની વાર્તા ખરેખર ડ્રાઈવિંગ વિશે નથી. તે પસંદગી, હિંમત અને ઉંમર વિશે બીજા કોઈના અભિપ્રાયને પોતાના જીવનની સીમા અને નક્કી કરવા ન દેવાના નિર્ધાર વિશે છે.

નિવૃત્ત બેંકર્સ તરીકે આપણા માટે, આ વાર્તામાં એક ખાસ શક્તિશાળી સંદેશ છુપાયેલો છે.

નિવૃત્તિ એ સ્થિતિમાં ફેરફાર છે - જીવન સામે શરણાગતિ નહીં.

દાયકાઓ સુધી આપણે સતત શીખવાના વાતાવરણમાં જીવ્યા. આપણે ચોપડા (લેજર)થી કમ્પ્યુટર સુધી, મેન્યુઅલ બેંકીંગ સુધી, ભૌતિક રેકોર્ડસથી ડિજિટલ ડેટાબેઝ સુધી અને શાખા બેંકિંગથી એટીએમ તથા મોબાઈલ બેકિંગ સુધીની સફર કરી. આપણે નવાં ઉત્પાદનો, નિયમો, પ્રણાલીઓ અને ટેક્નોલોજી શીખ્યાં. બદલાતા ગ્રાહકો, બદલાતી પેઢીઓ અને બદલાતાં સંજોગો સાથે આપણે અનુકૂલન સાધ્યું.

આપણે આ બધું એટલા માટે કર્યું કારણ કે આપણી આસપાસની દુનિયાએ તેની માંગ કરી હતી.

પછી નિવૃત્તિ આવી અને વિચિત્ર રીતે, આપણામાંથી કેટલાક પોતાની જાતને કહેવા લાગે છે :

'આ ઉંમરે, હવે શી જરૂર છે?'

'આપણે પૂરતું કરી લીધું છે.'

'ટેક્નોલોજી તો યુવા પેઢી માટે છે.'

'હવે બાળકને સંભાળવા દો.'

આવા તો કદાચ નિર્દોષ અવલોકનો લાગે. પરંતુ ધીમે ધીમે, તે આપણા જીવનની આસપાસ અદૃશ્ય દીવાલો બની શકે છે. સંસ્થા આપણું પદ નિવૃત્ત કરી શકે છે, તે આપણું ઓળખપત્ર પાછું લઈ લે છે. પરંતુ તે આપણી જિજ્ઞાસા, અનુભવ, બુદ્ધિમત્તા, સર્જનાત્મકતા કે વિક્સવાની ક્ષમતાને નિવૃત્ત ન કરી શકે.

નિવૃત્ત બેંકર ફરી એક વાર શીખવનાર બની શકે છે

આપણી કાર્યકારી જિંદગી દરમિયાન, આપણું મોટા ભાગનું શિક્ષણ આપણા વ્યવસાય દ્વારા નક્કી થતું હતું. નિવૃત્તિ આપણને એવી વસ્તુ આપે છે જે કદાચ પહેલાં આપણી પાસે પૂરતી ન હતી. આપણે શું શીખવા માંગીએ છીએ તે નક્કી કરવાની સ્વતંત્રતા. તે આર્ટીફિશિયલ ઈન્ટેલિજન્સ કે ચેટજીપીટી, ડિજિટલ ફોટોગ્રાફી, નવીભાષા, સંગીત, ચિત્રકામ, સર્જનાત્મક લેખન, જાહેર ભાષણ, યોગ, ધ્યાન સાયબર સુરક્ષા અથવા ડિજિટલ બેંકિંગ હોઈ શકે. તે બાગ કામ, રસોઈ, પ્રવાસ આયોજન, માર્ગદર્શન, કાઉન્સેલિંગ અથવા સ્વયંસેવા પણ હોઈ શકે છે. ધ્યેય નિપુણતા મેળવવાનું હોવું જરૂરી નથી. ધ્યેય માત્ર શીખનાર બની રહેવાનું છે. શરૂઆત કરનાર બનવામાં કોઈ ગૌરવ ગુમાવવાનું નથી. હકીકતમાં, આમ કહેવામાં ઘણી નમ્રતા - અને હિંમત - રહેલી છે :

'મને આ નથી આવડતું. મને શીખવો.'

દાયકાઓ સુધી મેનેજર, અધિકારી, એક્ઝિક્યુટિવ, નિર્ણય લેનાર અને માર્ગદર્શક તરીકે વિતાવ્યા પછી, આપણે સભાનપણે આપણા જીવનમાં એક વધુ ઓળખ ઉમેરી શકીએ છીએ :

શીખનાર.

ચાલો, રિબૂટ બટન દબાવીએ

કદાચ આપણે નિવૃત્તિને એક રીબૂટ બટન તરીકે વિચારવું જોઈએ. રીબૂટ પહેલાં જે હતું તેને ભૂંસી નાખતું નથી. તે ભૂતકાળની દરેક મૂલ્યવાન વસ્તુને આગળ લઈ જાય છે અને સાથે સાથે સિસ્ટમને નવેસરથી શરૂ થવા દે છે.

આપણી વ્યાવસાયિક જિંદગીએ આપણને પહેલેથી જ એક ઉત્તમ ઓપરેટિંગ સિસ્ટમ આપી છે :

અનુભવ + શિસ્ત + લોકો સાથે વ્યવહાર કરવાની કુશળતા+ નિર્ણયશક્તિ + સ્થિતિસ્થાપકતા +સંસ્થાકીય જ્ઞાન. હવે આપણે નવી એપ્લિકેશન ઈન્સ્ટોલ કરી શકીએ છીએ અને કદાચ સૌથી મહત્ત્વની એપ્લિકેશન એક સાદો પ્રશ્ન છે :

'મારે હંમેશાં શું શીખવું હતું?'

આ પ્રશ્ન એક તદ્દન નવો અધ્યાય ખોલી શકે છે.

આપણી બીજી ઇનિંગ્સ પ્રતીક્ષા-ખંડ બનવાની જરૂર નથી

નિવૃત્તિ ક્યારેક એવું લાગે છે કે જાણે અચાનક બધી રચના અદૃશ્ય થઈ ગઈ. ઓફિસ અદૃશ્ય થાય છે. મિટીંગ્સ અદૃશ્ય થાય છે.

સહકર્મીઓ બદલાયા છે. પદ અદૃશ્ય થાય છે. અને કમનસીબે, આપણે નોકરીના અંતને પોતાની ઉપયોગિતાના અંત સાથે સરખાવવા લાગીએ છીએ. આ એક ખતરનાક ભ્રમ છે.

આપણી બીજી ઇનિંગ્સ હોઈ શકે છે, બરાબર એટલા માટે કે તેને પગાર બઢતી કે પદ દ્વારા ચલાવવાની જરૂર નથી. આપણે શીખી શકીએ છીએ કારણ કે શીખવાથી આનંદ મળે છે.

આપણે સ્વયં સેવા કરી શકીએ છીએ કારણ કે સેવાથી અર્થ મળે છે. આપણે લખી શકીએ છીએ કારણ કે અભિવ્યક્તિથી સંતોષ મળે છે. આપણે પ્રવાસ કરી શકીએ છીએ કારણ કે નવું અન્વેષણ તાજગી આપે છે. આપણે માર્ગદર્શન આપી શકીએ કારણ કે અનુભવ વહેંચવાથી જ મૂલ્યવાન બને છે.

હવે પ્રશ્ન એ નથી કે :

'મારે શું કરવું પડશે?'

તેના બદલે પ્રશ્ન છે :

'મારે શું બનવું છે?'

કદાચ આજ નિવૃત્તિની સાચી સ્વંત્રતા છે.

એસબીઆઈપીએ આજીવન શીખવનારાઓનો સમુદાય બની શકે છે.

આ એસબીઆઈ માટે પણ એક તક રજૂ કરે છે.

પેન્શનરોના કલ્યાણ, આરોગ્ય અને આર્થિક સુખાકારી સંબંધિત તેની મહત્ત્વની ચિંતાઓની સાથે સાથે, એસબીઆઈપીએ નિવૃત્ત બેંકર્સમાં આજીવન શિક્ષણ અને સ્વ-નવીનીકરણની સંસ્કૃતિ ઊભી કરવામાં મદદ કરી શકે છે. આપણા પોતાના સમુદાયમાં જ્ઞાન અને અનુભવનો એક અસાધારણ ભંડાર છુપાયેલો છે.

એક નિવૃત્ત બેંકર બીજાને આત્મવિશ્વાસપૂર્વક સ્માર્ટ ફોન ન વાપરવાનું શીખવી શકે છે. એઆઈ થી પરિચિત કોઈ વ્યક્તિ સાથી સભ્યોને ચેટજીપીટી અને અન્ય ઉપયોગી સાધનોનો પરિચય કરાવી શકે છે. કોઈ સારા લેખક લેખન-સત્ર ચલાવી શકે છે.

જાહેર ભાષણનો અનુભવ ધરાવતા કોઈ વ્યક્તિ બીજાને સ્ટેજ પરના ડરમાંથી બહાર આવવામાં મદદ કરી શકે છે.

કાઉન્સેલિંગ,

મિત્રતા કે સ્વયં સેવાનો અનુભવ ધરાવતા લોકો સાથી સભ્યોમાં આ કૌશલ્યો વિકસાવમાં મદદ કરી શકે છે. આપણે નિષ્ણાંતો માટે હંમેશાં હાર જોવાની જરૂર નથી. આપણા પોતાના સમુદાય પાસે આપણને શીખવા માટે ઘણું બધું છે. આપણે ફક્ત તેને ખોલવાની જરૂર છે.

દરેક વાચક માટે એક નાનો પડકાર

પેન્શનર્સ પ્રકાશના આગામી અંક પહેલાં ચાલો આપણે દરેક પોતાની જાતને પૂછીએ :

એવી કઈ એક વસ્તુ છે જે મેં ક્યારેય શીખી પણ ખરેખર શીખવા માંગું છું?

તેને લખી નાખો.

પહેલાં એને પૂછો કે તે વ્યવહારૂં છે કે નહીં.

એને પૂછો કે તમે ઘણા મોટા થઈ ગયા છો કે નહીં.

નિષ્ણાત બનવાની ચિંતા ન કરો.

પહેલું પગલું ભરો.

જો તે ફોટોગ્રાફી હોય, તો કેમેરા ઉપાડો.

જો તે એઆઈ હોય, તો એક સાદી એપ્લિકેશન શીખો.

જો તે સંગીત હોય, તો એક શિક્ષક શોધો.

જો તે લેખન હોય, તો પહેલો ફકરો લખો.

જો તે પ્રવાસ હોય, તો પહેલી યાત્રાનું આયોજન કરો.

જો તે સ્વયં સેવા હોય, તો પહેલો ફોન કરો.

અંતિમ મંઝિલ કરતાં પહેલું પગલું વધુ મહત્ત્વનું છે.

હજુ પણ આગળ એક રસ્તો છે.

વિદ્યા કૌરની વાર્તા આપણને યાદ કરાવે છે કે સૌથી મહત્ત્વનો પ્રશ્ન 'મારી ઉંમર કેટલી છે?' એ નથી.

કદાચ વધુ સારો પ્રશ્નો એ છે :

'મેં છેલ્લે ક્યારે કંઈક તદ્દન નવું શીખ્યું હતું?'

મોટા થવું અનિવાર્ય છે.

સ્થગિત થઈ જવું વૈકલ્પિક છે.

આગળનો રસ્તો કદાચ એ જ રસ્તો ન હોય જેના પર આપણે આપણી વ્યાવસાયિક જિંદગીમાં ચાલ્યા હતા. પરંતુ હજુ પણ એક રસ્તો છે. હજુ પણ મંઝિલો છે. શીખવા માટે નવાં કૌશલ્યો છે, મળવા માટે નવા લોકો છે, સેવા આપવા માટે નવાં કારણો છે, વાંચવા માટે નવાં પુસ્તકો છે. શોધવા માટે નવા વિચારો છે અને પૂરાં કરવા માટે નવાં સપનાં છે.

આપણે એક મહત્વની યાત્રા પૂરી કરી છે.

આપણે શાં માટે એવું માની લેવું જોઈએ કે યાત્રા પૂરી થઈ ગઈ છે?

કદાચ નિવૃત્તિ એ ક્ષણ છે જ્યાં આપણે થોડી વાર માટે ગાડી બાજુ પર ઊભી રાખીએ છીએ, એક શ્વાસ લઈએ છીએ, ફરીથી નકશા તરફ જોઈએ છીએ - અને એક નવી મંઝિલ પસંદ કરીએ છીએ.

તો, પ્રિય સાથી પેન્શનરો, ચાલો આપણે રીબૂટ બટન દબાવીએ. એટલા માટે નહીં કે આપણો ભૂતકાળ અધૂરો હતો. પરંતુ એટલા માટે કે આપણા ભવિષ્યમાં હજુ પણ શક્યતાઓ છે.

ચાલો આપણે જિજ્ઞાસુ રહીએ, ચાલો આપણે પ્રસ્તુત રહીએ, ચાલો આપણે ઉપયોગી રહીએ, ચાલો આપણે શીખનારા રહીએ.

અને, સૌથી વધુ મહત્વનું, ચાલો આપણે આપણાં સપનાં પર સમાપ્તિ તારીખ મૂકવાનો ઈન્કાર કરીએ. કારણ કે નિવૃત્તિ કદાચ આપણી કાર્યકારી જિંદગીનો અંત દર્શાવે - 'પરંતુ તે આપણી શિક્ષણ-જિંદગીનો અંત દર્શાવવો જરૂરી નથી.'

વિદ્યા કૌરની જેમ, જેમણે ૫૯ વર્ષે ડ્રાઇવિંગ શરૂ કર્યું અને ૭૨ વર્ષે પણ પોતાનો રસ્તો પસંદ કરી રહ્યાં છે, કદાચ આપણામાંથી દરેકે હવે પોતાની જાતને પૂંછવું જોઈએ: 'મારે હવે ક્યા આગલા રસ્તા પર ગાડી ચલાવવી છે?'

SBIPAનાં તમામ સભ્યોને અને તેમના કુટુંબીજનોને **SBIPA**ની ટીમ તરફથી દિવાળી તેમજ નૂતન વર્ષની શુભ કામના.

કમાલ કાદરી
સંપાદક

બેંગ્લોરના આંગણે યોજાઈ ફેડરેશન ઓફ એસબીઆઈ પેન્શનર્સ એસોસિએશનની Governing Body Meeting & Annual General Body Meeting







રાષ્ટ્રીય લેવલે આપણી જાજરમાન સંસ્થા ફેડરેશન ઓફ એસબીઆઈપીએની ગવર્નીંગ બોડી તથા એજીએમ તા. ૧૦ અને ૧૧મી ઓક્ટોબર-૨૦૨૬ના રોજ આધુનિક તકનીકી અને ગાર્ડન સીટી તરીકે જાણીતા શહેર બેંગ્લોર ખાતે યોજાઈ. આ મિટીંગમાં ભાગ લેવાં તમામ સર્કલોના જનરલ સેક્રેટરી તથા પ્રમુખો અને ડેલીગેટો ઉપસ્થિત રહ્યાં હતા. ફેડરેશનના પ્રમુખ શ્રી એન. રાધાકૃષ્ણન તથા જનરલ સેક્રેટરી શ્રી જી. ડી. નડાફની અધ્યક્ષતામાં મિટીંગ યોજાયેલ. આપણાં જનરલ સેક્રેટરી શ્રી કમાલ કાદરી ફેડરેશનના વાઈસ પ્રેસિડેન્ટ તરીકે મંચસ્થ મહાનુભાવોમાં બિરાજમાન હતા. બે દિવસ ચાલેલી મિટીંગમાં પેન્શનરોને લગતા પ્રશ્નો બાબતે ચર્ચા કરવામાં આવી. તેમજ ફેડરેશન લેવલે ઘણાં સુધારાઓ રજુ કરવામાં આવ્યા. આપણા જનરલ સેક્રેટરીશ્રી કમાલ કાદરીની સાથે પ્રમુખશ્રી આર. એન. ચોક્સી, વાઈસ પ્રેસિડેન્ટ શ્રી પી. જી. પારઘી, જોઈન્ટ જનરલ સેક્રેટરી સર્વશ્રી રમણ વાઘેલા, કાંતિલાલ પરમાર, ટ્રેઝરર શ્રી રવિ સોલંકી ફેડરેશનની મિટીંગમાં સહભાગી થયા હતા. આપણા જનરલ સેક્રેટરી તથા પ્રમુખશ્રીએ આપણા સર્કલના પ્રશ્નો રજુ કર્યા હતા. ફેડરેશનમાં આપણા જનરલ સેક્રેટરી તથા આપણા સર્કલની મહત્તાની તેમજ ફેડરેશનના પ્રમુખ અને જનરલ સેક્રેટરી સાથેનાં નજીકના સંબંધોની પ્રતિતિ થઈ હતી.



પેન્શનર્સ મીટ - જુનાગઢ





એસબીઆઈ પેન્શનર્સ એસોસિયેશન-જુનાગઢ યુનિટ તેમજ સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયા રિજીયન ઓફિસ-જુનાગઢ દ્વારા તા. ૨૩-૦૯-૨૦૨૬ ને બુધવારે સાંજે ૫.૦૦ વાગ્યે પ્રેસિડેન્ટ હોલમાં યોજાયેલ ગરબા ગિરનારની ગોદમાં જ્યાં દત્ત દાતાર બાપુ અને ૬૪ જોગણીઓ બિરાજે છે તેવા જુનાગઢ શહેરમાં સુંદર પ્રાકૃતિક વાતાવરણમાં પેન્શનર્સ મીટ યોજાઈ.

કાર્યક્રમની શરૂઆત કમિટી મેમ્બર શ્રી બિપિન નિર્મળ દ્વારા મહાનુભાવોને વેલકમ કરી ત્યારબાદ દીપ પ્રાગટ્ય કરી અને દિવંગત પેન્શનર્સ મિત્રો માટે બે મિનિટ મૌન રાખી શ્રદ્ધાંજલિ આપવામાં આવી. ત્યારબાદ મહાનુભાવો સર્વે શ્રી [illegible] શ્રી પાંડે ([illegible]), [illegible] ના જનરલ સેક્રેટરી શ્રી કમાલ કાદરી, વાઈસ પ્રેસિડેન્ટ શ્રી ચિંતક પટેલ, ડીજીએસ શ્રી ભરતભાઈ ભટ્ટ-ભાવનગર, મેનેજર [illegible] [illegible] અને શ્રી બી. પી. જગાણીનું બુકે અને ખેસ પહેરાવી શ્રી બિપીન નિર્મળ અને શ્રી મુકેશ કારીયા દ્વારા સન્માન કરવામાં આવ્યું. તેમજ નિમંત્રણને



માન આપી અમદાવાદથી ખાસ ઉપસ્થિત રહેલ સર્વશ્રી ક્રિષ્નમૂર્તિ, જિકેશ પટેલ, ભાવનગરના શ્રી રાજુભાઈ સરવૈયા, એ. એમ. ચૌહાણ અને શ્રી ડી.પી.જોશી, રાજકોટના શ્રી શિરીષ કચ્છી, શ્રી જનાર્દન આચાર્યનું પણ બુકે અને ખેસ પહેરાવી સન્માન કરવામાં આવ્યું.

પ્રાસંગિક પ્રવચનમાં એજીએમ શ્રી પંકજ કુમારે અને શ્રી પાંડેજીએ એસબીઆઈપીએના આવા સરસ કાર્યક્રમો જેમાં ૭૦ વર્ષથી વધુ વય અને લગ્નજીવનના ૫૦ વર્ષ પૂર્ણ કરનાર પેન્શનર્સ મિત્રોને બિરદાવ્યા તેમજ એજીએમ શ્રી પંકજકુમારે બેંકીંગની જુદી જુદી યોજનાઓ વિશે માહિતી આપી અને તમામ મિત્રોને તેમજ પરીવારજનોને આ સુવિધાનો લાભ લે તેવી અપીલ કરી. ત્યારબાદ ડીજીએસ શ્રી ભરતભાઈ ભટ્ટ અને ઈન્ચાર્જ પ્રમુખ શ્રી ચિંતક પટેલે એસોસીએશનની કામગીરી વિશે માહિતી આપી. શ્રી બી. પી. જગાણીએ તેમના વક્તવ્યમાં ઈ-એસબીએસના પ્રશ્નોમાં એસબીઆઈપીએ ખૂબ જ રસ દાખવી અને ઘણાં પ્રશ્નોનું નિરાકરણ લાવ્યું તે બદલ જનરલ સેક્રેટરી શ્રી કમાલ કાદરીને ખૂબ ખૂબ અભિનંદન આપ્યાં.

ત્યારબાદ જે મિત્રોને લગ્ન જીવનના ૫૦ વર્ષ તેમજ ૭૦ વર્ષની વય પૂર્ણ કરનાર મિત્રોનું સન્માન બુકે/ગિફ્ટ આપી તથા ખેસ પહેરાવી સન્માન કરવામાં આવ્યું. છેલ્લે આપણા જાંબાઝ જનરલ સેક્રેટરી શ્રી કમાલ કાદરીએ તેમના વક્તવ્યમાં જણાવ્યું કે આપણા સર્કલમાં પેન્શનર મીટ માટે એસબીઆઈ મેનેજમેન્ટ સરક્યુલર બહાર પાડી અને રજિયનમાં દર વર્ષે બેંક તરફથી પેન્શનર્સ મીટનું આયોજન કરવું. તેમાં જુનાગઢ રીજિયન થી સૌ પ્રથમ શરૂઆત થઈ તે બદલ એજીએમ શ્રી પંકજ કુમારે જુનાગઢ-સોમનાથ જિલ્લાના કારોબારી સભ્ય શ્રી બિપીનભાઈ નિર્મળ અને શ્રી મુકેશ કારીયાને ખૂબ ખૂબ અભિનંદન આપ્યાં.



વિશેષમાં પેન્શન અપડેશન માટે શ્રી એમ. સી. સીંગલા કેસ તેમજ હેલ્થ પોલિસી વિશે માહિતી આપી અને હળવા-મળવાના કાર્યક્રમ કરતા રહો એવી શુભેચ્છા આપી.

અંતમાં બિપિન નિર્મળ દ્વારા આભાર માનવમાં આવ્યો. એક બીજાને હળીમળી આનંદ ઉલ્લાસ સાથે છૂટા પડ્યા.

શ્રી શિવમહાપુરાણ જ્ઞાનયજ્ઞ (શિવકથા)-ભાવનગર





ભાવનગર મુકામે એસબીએસના રિટાયર્ડ મિત્રો દ્વારા તા. ૨૬-૦૯-૨૦૨૬ થી તા. ૦૨-૧૦-૨૦૨૬ સુધી **શ્રી શિવમહાપુરાણ જ્ઞાનયજ્ઞ (શિવકથા)**નું આયોજન કરવામાં આવ્યું. જેમાં વ્યાસપીઠ પર શ્રી જે. વી. ઘાનાણી હતા. મુખ્ય યજમાન શ્રી શૈલેષભાઈ ખંભાતી હતા.

કથાના પ્રથમ દિવસથી 'પૂર્ણાહૂતિ' સુધી દરરોજ શ્રોતાઓ માટેનું પ્રસાદનું આયોજન કરવામાં આવેલ અને હોલ તરફથી સાતે સાત દિવસ ચાની વ્યવસ્થા કરવામાં આવી.

તા. ૦૨-૧૦-૨૦૨૬ના રોજે શ્રી પી. જી. પારધી-વાઈસ પ્રેસિડેન્ટ અને કમિટી સદસ્ય શ્રી આર. વી. મકવાણા કથામાં એસબીઆઈપીએ વતી હાજર રહ્યાં અને કથાનું શ્રવણપાન કરેલ. આરતી અને વ્યાસજીના સન્માનનો પણ લાભ લીધેલ.

આ સમગ્ર કાર્યક્રમને સફળ બનાવવામાં સર્વશ્રી બી. પી. જાગાણી, પી. જે. શાહ, રાજુ સરવૈયા, એલ. સી. બોરડ, ભરત ભટ્ટ, આર. પી. દુસેજા, રવિ પટેલ, ભાસ્કરભાઈ રાઠોડ, મનોજ પંડ્યા, રસીક જોશી, વિજય રાઠોડ, જે. પી. રાઠોડ, નરેન્દ્રભાઈ જોશી, બકુલભાઈ ત્રિવેદી, ડી. ડી. પટેલ, બિપીનભાઈ ભડીયાદરા (જેમણે સાતે સાત દિવસ ભોજનનું સુંદર આયોજન કરેલ) અને અન્ય મિત્રોએ અથાક મહેનત કરી સમગ્ર મહાકથાના કાર્યક્રમને ભવ્ય સફળતા અપાવી.




SBI
The banker to every Indian
yono SBI
Power to every Indian
REGISTER FOR
UPI ON
YONO SBI
EARN UP TO
100
REWARD POINTS
yono SBI
UPI Registration
UPI
UNIFIED PAYMENTS INTERFACE
Ready to make secure payments
SCAN TO DOWNLOAD
100% SECURE
INSTANT PAYMENTS
EXCITING REWARDS
T&C Apply

પાલનપુરના આંગણે યોજાઈ પેન્શનર્સ મીટ







એસબીઆઈ પેન્શનર્સ એસોસિયેશન દ્વારા બનાસકાંઠા જિલ્લાની પેન્શનર્સ મીટ તા. ૦૭-૧૦-૨૦૨૬ને બુધવારના રોજ પાલનપુર મુકામે ખૂબ જ સુંદર વાતાવરણમાં યોજાઈ.

આ પેન્શનર્સ મીટમાં ગાંધીનગર એડમિન રીજીયન-૩ના એજીએમ શ્રી મનીષભાઈ ભદોરિયાની સાથે પાલનપુર શાખાના ચીફ મેનેજર તેમજ આબુ રોડ હાઈવે શાખાના ચીફ મેનેજર ઉપસ્થિત રહ્યાં હતા. એસબીઆઈપીએ-ગાંધીનગર સર્કલનાં જનરલ સેક્રેટરીશ્રી કમાલ કાદરીની સાથે ઓર્ગેનાઈઝીંગ સેક્રેટરી શ્રી સુભાષ પટેલ, ગાંધીનગર મોડ્યુલના ડીજીએસ શ્રી વસ્તાભાઈ વણકર, ટ્રેઝરર શ્રી રવિ સોલંકી, કમિટી સદસ્ય શ્રી શૈલેષભાઈ જોશી તથા શ્રી આઈ. જી. પરમારની સાથે મોટી સંખ્યામાં પેન્શનરો ઉપસ્થિત રહ્યાં હતા.

પાલનપુરનાં કમિટી મેમ્બર શ્રી સુકનભાઈના નેતૃત્વમાં યોજાયેલ પેન્શનર્સ મીટની શરૂઆત ઢોલ નગારાના તાલે તમામ મહાનુભાવોનુ સ્વાગત કરવામાં આવેલ. આ પ્રસંગે એજીએમ શ્રી મનીષભાઈ ભદોરિયાએ તમામ પેન્શનરોને ઉમળકાથી આવકારી જણાવ્યું કે તમામ પેન્શનરો મારા માટે વડીલની ભૂમિકામાં દૃશ્યમાન થઈ રહ્યાં છે. તેમજ હૃદયસ્પર્શી માર્ગદર્શન આપ્યું હતું. ટ્રેઝરરશ્રી રવિભાઈ સોલંકીએ પેન્શનરોને પીપીજીની કામગીરી તથા પેન્શનરોએ શું કરવાનું તે અંગે જાણકારી આપેલ.

આ પ્રસંગે ૭૦ વર્ષની વય તેમજ ૫૦ વર્ષના લગ્નજીવન પૂર્ણ કરનાર પેન્શનરોનું ઉપસ્થિત મહાનુભાવોને મોમેન્ટો આપી સન્માન કરેલ. પેન્શનર્સ શ્રી જસવંતભાઈ એ. સોનીએ એસબીઆઈપીએ-અમદાવાદને કલ્યાણકારી પ્રવૃત્તિને વધુ વેગવાન બનાવવાના અનુસંધાને રૂા. ૧૦૦૦૦/- ચેક દાન પેટે અર્પણ કરેલ. જનરલ સેક્રેટરી શ્રી કમાલ કાદરીએ પેન્શનરોને ભવિષ્યમાં થનારા લાભ વિશે તેમજ એસબીઆઈપીએની ઉત્કૃષ્ટ કામગીરી અંગે માહિતી આપી અભિભૂત કરેલ. કાર્યક્રમના અંતે વાવ-થરાદ જિલ્લાના કમિટી મેમ્બરશ્રી દિનેશભાઈ રાવલે પેન્શનર્સ મીટની સફળતા માટે તમામ મહાનુભાવનો, પેન્શનરો તેમજ પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે સહયોગ આપનાર તમામનો અભાર વ્યક્ત કર્યો હતો. આમ સુંદર વાતાવરણમાં પેન્શનર્સ મીટ સંપન્ન થઈ હતી.





SEE LIFE IN HIGH DEFINITION: GET YOUR EYES CHECKED REGULARLY!

Collective experience and expertise of our doctors to help you see and live better. Book your consultation to see the difference.

FREE EYE CHECK-UP*

*Limited Period Offer

For SBI Pensioners & their Family Members

CATARACT • GLAUCOMA • RETINA • REFRACTIVE • SQUINT • PAEDIATRIC • OPTICALS • PHARMACY

SERVING 3 MILLION PATIENTS A YEAR

300,000 SURGERIES A YEAR

285+ HOSPITALS

10 COUNTRIES

dragarwal.com

Dr Agarwals Eye Hospital

Locate Us

OUR HOSPITALS IN GUJARAT:

Dr Agarwals Eye Hospital: Ahemdabad | Udhana | Chandkheda | Vadodara

Savani Eye Hospital: Bhavnagar | Dhruva Eye Hospital: Rajkot

Prizma Eye Clinic: Adajan Road | Ring Road |Vesu | Dr Ashish Gusani: Vapi

For Appoinment: 95949 24056

-: નવસારીના આંગણે યોજાઈ પેન્શનર્સ મીટ :-







એસબીઆઈ પેન્શનર્સ એસોસિયેશન-નવસારી યુનિટ દ્વારા પેન્શનર્સ મીટનો કાર્યક્રમ તા. ૦૮-૧૦-૨૦૨૬ના રોજ ઘાંચી પંચની વાડી, નવસારી ખાતે યોજાઈ ગયો. સ્ટેટ બેંક તરફથી આરબીઓના આસી. જનરલ મેનેજર શ્રી બિનયકુમાર દ્વિવેદી ઉપસ્થિત રહ્યાં હતા. એસબીઆઈ પેન્શનર્સ એસો. -ગાંધીનગર સર્કલના જનરલ સેક્રેટરીશ્રી કમાલ કાદરી, ઉપપ્રમુખશ્રી પી. જી. પારઘી, ઓર્ગેનાઈઝીંગ સેક્રેટરી શ્રી સુભાષ પટેલ, ટ્રેઝરર શ્રી રવિ સોલંકી તથા કમિટી સદસ્યશ્રી ક્રિષ્નમૂર્તિ, સુરત એડમિનના ડેપ્યુટી જનરલ સેક્રેટરી શ્રી આર. આર. દેસાઈ તેમજ નવસારી જિલ્લામાંથી વલસાડ, બારડોલી, વ્યારાથી ૧૮૦થી વધારે પેન્શનરો ઉપસ્થિત રહ્યા હતા.

કાર્યક્રમની શરૂઆત પેન્શનરોના મનોરંજન માટે ગીત-સંગીતના કાર્યક્રમથી કરવામાં આવી.જેને પેન્શનરોએ ખૂબ જ દિલથી માણ્યો હતો. ત્યારબાદ પ્રભુની પ્રાર્થના દ્વારા કાર્યક્રમની શરૂઆત કરવામાં આવી. નવસારી યુનિટના કમિટી સદસ્યશ્રી દારાયુસ દ્વારા ઉપસ્થિત મહેમાનો તેમજ પેન્શનર્સનું શબ્દોથી સ્વાગત કરવામાં આવ્યું. કાર્યક્રમમાં ઉપસ્થિત આસી. જનરલ મેનેજરશ્રી દ્વિવેદીએ પેન્શનરોને આવકારી, બેન્કના બિઝનેસ વિષે માહિતી આપી હતી. જનરલ સેક્રેટરીશ્રી કમાલ કાદરીએ પેન્શનરોના પ્રશ્નો વિશે વિસ્તૃત માહિતી આપી. શ્રી પી. જી. પારઘી,એ પેન્શનર્સ એસોસિયેશનની બિન હરીફ ટીમ આવી એ માટે મેમ્બરોનો આભાર માની કોઈ પણ સંજોગોમાં એસોસિએશન તમારી સાથે છે એવી મેમ્બરોને હૈયા ધારણ આપી. સુરત મોડ્યુલના ડીજીએસ શ્રી રાજુ દેસાઈએ પણ પ્રાસંગિક પ્રવચન કરી સભ્યો અને એસોસિએશનના લીડરોને આવકાર્યા. શ્રી સુનીલ પટેલ (વ્યારા), એચ. જી. દેસાઈ, અતુલ ચૌધરી (બારડોલી) વિગેરે હાજર રહ્યાં હતા. આ કાર્યક્રમમાં નવસારી જિલ્લાનાં ૭૦ વર્ષની વય તેમજ લગ્નજીવનના ૫૦ વર્ષ પૂર્ણ કરનાર પેન્શનર મિત્રોનું મોમેન્ટો દ્વારા બહુમાન કરવામાં આવ્યું હતું. આ પેન્શનર્સ મીટને સફળ બનાવવામાં શ્રી વિનોદ દેસાઈ અને નરેશ સુર્વેનો સિંહફાળો રહ્યો હતો. કાર્યક્રમનું સફળ સંચાલન શ્રી કે. બી. વાણી દ્વારા કરવામાં આવ્યું હતું. ખૂબ જ સુંદર વાતાવરણ વચ્ચે મિટીંગ સંપન્ન થઈ.





સમાધાન પખવાડા





પેન્શનર્સ મિત્રોના વણઉકલ્યા પ્રશ્નો માટે એસબીઆઈ કોર્પોરેટ સેન્ટરની સૂચના મુજબ એલએચઓ, ગિફ્ટ સીટી-ગાંધીનગર તથા તમામ એડમિન ઓફિસ ખાતે સમાધાન પખવાડાનું આયોજન કરવામાં આવ્યું. **એલએચઓ-ગિફ્ટસીટી-ગાંધીનગર** ખાતે **તા. ૧૪-૧૦-૨૦૨૬ના** રોજ સમાધાન પખવાડામાં મેનેજમેન્ટ તરફથી જનરલ મેનેજર શ્રી વિજય કુમાર, ડીજીએમ એન્ડ સીસીઓ શ્રી દીપક ચંદ્રા, એજીએમ (પીપીજી) શ્રી સુબ્રતા રંજનદાસ, એજીએમ (એચ.આર) શ્રી ભાવેશ ઠક્કર / શ્રી વિવેકાનંદ વિવેક તથા અન્ય અધિકારીઓ ઉપસ્થિત રહ્યાં હતા. એસબીઆઈપીએ તરફથી પ્રમુખ શ્રી આર. એન. ચોક્સી, જનરલ સેક્રેટરી શ્રી કમાલ કાદરી, વાઈસ પ્રસીડેન્ટ સર્વશ્રી પી. જી. પારઘી, ચિંતક પટેલ, જોઈન્ટ જનરલ સેક્રેટરી સર્વશ્રી રમણ વાઘેલા, કાન્તીલાલ પરમાર, આસી. ટ્રેઝરર શ્રી જગત પટેલ, ગાંધીનગર મોડ્યુલના ડીજીએસ શ્રી વસ્તાભાઈ વણકર, સર્વશ્રી અમદાવાદ મોડ્યુલના ડીજીએસ શ્રી મુકેશભાઈ દવે, કમિટી સભ્યો સર્વશ્રી મહેશ પારેખ, ત્યાગ રાજન, રવિ વાઘેલા, પી. વી. સોલંકી, આર. વી. મકવાણા, શૈલેષ જોશી, આઈ. જી. પરમાર, અને અશોકભાઈ રીંડાણી (ગાંધીનગર) સાથે વિશાળ સંખ્યામાં બહેનો અને પેન્શનર્સ મિત્રો હાજર રહેલ. તેમજ મેડી આસિસ્ટમાંથી શ્રી અજિતેશભાઈ અને આનંદ રાઠીમાંથી શ્રી પાર્થ પંડ્યા વિગેરેએ હાજર રહીને ઉદ્‌ભવેલ પ્રશ્નોના નિરાકરણ માટે સંતોષકારક જવાબ આપેલ. સમાધાન પખવાડાની મિટીંગની શરૂઆતમાં એજીએમ (પીપીજી)શ્રી સુબ્રતો રંજન દાસે સૌને આવકાર્યા હતા. જનરલ મેનેજર શ્રી વિજયકુમારે ઉપસ્થિત સૌને શબ્દોથી સ્વાગત કર્યું હતું. આપનાં સુચનો જરૂરથી રજુ કરશો. જે કમીઓ/ઉણપ રહી ગઈ હોય તે પણ જણાવશો. સ્ટાફના પ્રિએલસીપીસી બાકી ફોમ માટે અપીલ કરી અને આપનાં રજુ થયેલ પ્રશ્નોના નિકારણની ખાત્રી આપી હતી.

આપણાં એસો.ના પ્રમુખશ્રી આર. એન. ચોક્સી અને જનરલ સેક્રેટરી શ્રી કમાલ કાદરીએ પેન્શનરોના પ્રશ્નોને અગ્રિમતા આપવા જણાવ્યું. વધુમાં સ્ટાફ રેટ, ટીડીઆરનું વ્યાજ, સ્ટાફ હાઉસીંગ લોન જે પબ્લીક રેટમાં છે તે, ટ્રીબ્યુટ, એચઆરએમએસ અને પેન્શનર્સ મીટ બાબતે વિગતે રજુઆત કરી હતી. મેનેજમેન્ટ તરફથી રજુ થયેલાં પ્રશ્નોના ઝડપી નિરાકરણ માટે યોગ્ય કરવા જણાવવામાં આવ્યું.

ગાંધીનગર એડમિન ઓફિસ ખાતે તા. ૧૪-૧૦-





૨૦૨૬ના રોજ બપોરે ૧૨.૩૦ કલાકે ગાંધીનગર મોડ્યુલના સમાધાન પખવાડામાં ડીજીએમ શ્રી જી. વિજયકુમાર, ચીફ મેનેજર (એચઆર) શ્રી સુબોધકુમાર પાંડે, રિજીયન-૧ના મેનેજર (એચઆર) શ્રીમતી પ્રિયંકા તેમજ પેન્શનર્સ એસોસિયેશનના પ્રમુખ શ્રી આર. એન. ચોક્સી, ઉપપ્રમુખશ્રી ચિંતક પટેલ, ડીજીએસ શ્રી વસ્તાભાઈ વણકર, અમદાવાદ મોડ્યુલના ડીજીએસ શ્રી મુકેશ દવે, કમિટી સદસ્ય સર્વશ્રી શૈલેષ જોશી, આઈ. જી. પરમાર અને અશોકભાઈ રિંડાણી તથા પોતાના પ્રશ્નો સાથે મોટી સંખ્યામાં પેન્શનરો ઉપસ્થિત રહ્યાં હતા. ઉપસ્થિત પેન્શનરોએ પોતાના પ્રશ્નો રજુ કર્યા હતા. ચર્ચા વિચારણાના અંતે તમામ પ્રશ્નોના નિરાકરણ માટે ડીજીએમ શ્રી જી. વિજયકુમારે ખાત્રી આપી હતી. મેનેજમેન્ટના હકારાત્મક વલણ માટે એસબીઆઈપીએના પ્રમુખશ્રી આર. એન. ચોક્સીએ મેનેજમેન્ટનો આભાર વ્યક્ત કર્યો.

અન્ય એડમિન ઓફિસો જેવી કે રાજકોટ, ભાવનગર, સુરત, વડોદરા એડમિન ઓફિસ ખાતે પણ સમાધાન પખવાડાની મિટીંગ યોજાઈ. તેમાં મેનેજમેન્ટ તરફથી ડીજીએમ, એજીએમ, સીએમ (એચઆર) અને અધિકારીઓની ઉપસ્થિતિમાં પેન્શનર્સ એસોસિયેશનના મોડ્યુલ ડીજીએસ સર્વશ્રી શરદચંદ્ર દવે, ભરત ભટ્ટ, રાજુ દેસાઈ, સુધીર જાની તથા કમિટી સદસ્યોની સાથે મોટી સંખ્યામાં પેન્શનરોની હાજરીમાં તમામ પડતર પ્રશ્નોની ચર્ચા કરવામાં આવી અને ઝડપી નિરાકરણ માટે મેનેજમેન્ટ તરફથી ખાત્રી આપવામાં આવી.



પેન્શનર્સ મીટ-ગાંધીનગર



એસબીઆઈ પેન્શનર્સ એસોસિયેશન-ગાંધીનગર દ્વારા સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયાના સહયોગથી તા. ૧૮-૦૮-૨૦૨૬ને મંગળવારના રોજ ગાંધીનગર જિલ્લાના પેન્શનર્સનો સત્કાર સમારોહ "સત્કાર ગાર્ડન રેસ્ટોરન્ટ" ખાતે ઉજવાયો. એસબીઆઈ, એલએચઓ ગિફ્ટ સીટી, ગાંધીનગર ખાતે સ્થાનાંતરિત થયા પછી પહેલીવાર અને એસબીઆઈપીએ-ગાંધીનગર સર્કલની ટીમની ત્રિવાર્ષિક ચૂંટણીમાં બિનહરીફ વિજેતા થયા બાદની પહેલી મિટીંગ હતી. આ મિટીંગમાં ૭૦ વર્ષની વય તેમજ લગ્નજીવનના ૫૦ વર્ષ પૂર્ણ કરનાર પેન્શનર મિત્રોનો સન્માન સમારોહ હતો. આ વિશેષ પ્રસંગ જે નિવૃત્તિ સમયે, વિદાય સમયે તો બેંક, એસોસિયેશન તેમ જ મિત્રો દ્વારા પેન્શનર અને પરિવારને સન્માનિત કરવામાં આવતા જ હોય છે. પરંતુ એના એક દાયકા પછી પણ અમો એમને ભૂલ્યા નથી. મેનેજમેન્ટ જણાવતું હતું કે આજે બેંક જે કંઈ છે તેમાં પેન્શનર્સનો ફાળો અમૂલ્ય હતો જ. પેન્શનર્સ એસોસિયેશનનું પોતાના પરિવાર સભ્યોના સન્માનના યાદગાર અવસરે સામુહિક ઉજવણી કરી.

ત્યારબાદ બેન્કના પ્રતિનિધિઓ દ્વારા યોનો (Yono), મ્યુચ્યુઅલ ફંડ, ક્રોસ સેલીંગ, ઈન્સ્યોરન્સ ઈત્યાદિની વિવિધ સ્કિમો વિશે માહિતી આપવામાં આવી હતી.

સાથે પેન્શનરોના પ્રશ્નોનું નિવારણ સંવાદ દ્વારા કરવામાં આવ્યું. મિટીંગની શરૂઆત આપણી પરંપરા અને સંસ્કૃતિ પ્રમાણે મંચસ્થ મહાનુભાવો દ્વારા દીપપ્રાગટ્ય કરી કાર્યક્રમનો શુભારંભ



કરવામાં આવ્યો. તેજ સમયે શ્રી શૈલેષ શાહ દ્વારા "ઈતની શક્તિ હમે દે દો દાતા" પ્રાર્થનાથી રજુ કરી ત્યારબાદ આપણા પરિવારના દિવંગત આત્માઓની ચિર શાંતિ માટે બે મિનિટનું મૌન પાળી શ્રદ્ધાંજલિ અર્પણ કરવામાં આવી.

આજના રૂડા અવસરમાં એસબીઆઈ મુખ્ય શાખાના સહાયક મહાપ્રબંધક શ્રી ગોપાલ શર્મા તેમની ટીમ સાથે ઉપસ્થિત રહ્યા હતા. એસબીઆઈ પેન્શનર્સ એસોસિયેશન ગાંધીનગર સર્કલના જનરલ સેક્રેટરી તથા ફેડરેશનના વાઈસ પ્રેસિડેન્ટ શ્રી કમાલ કાદરી, પ્રમુખ શ્રી આર. એન. ચોક્સી, જોઈન્ટ જનરલ સેક્રેટરી શ્રી કાંતિલાલ પરમાર, ઓર્ગેનાઈઝીંગ સેક્રેટરી શ્રી સુભાષ પટેલ, ટ્રેઝરર શ્રી રવિ સોલંકી, આસી. ટ્રેઝરર શ્રી જગત પટેલ, ગાંધીનગર મોડ્યુલના ડીજીએસ શ્રી વસ્તાભાઈ વણકર, અમદાવાદના કમિટી સદસ્યો સર્વશ્રી એ. કે. બથવાર, કે. એન. મહેતા, રમેશ મહાવર, કૃષ્ણામૂર્તિ, રાજગોપાલન, પી. વી. સોલંકી, આર. વી. મકવાણા, કે. વી. શાહ, એસબીઆઈ ઓફિસર્સ એસોસિયેશનના ડીજીએસ શ્રી હર્ષદ પટેલ, સેવાના શ્રી ચિરાગ બેન્કર, મહેસાણાના શ્રી મધુભાઈ સોલંકી, પાટણના શ્રી જગદીશભાઈ ખમાર, પાલનપુરના શ્રી સુકનરાજ રાઠોડ, થરાદના શ્રી દિનેશભાઈ ચાવડા, નડિયાદના શ્રી પી. એલ. વૈદ્ય, હિંમતનગરના શ્રી અજય પરમાર અને અરવલ્લીના શ્રીવિનોદ પટેલ સાથે મોટી સંખ્યામાં પેન્શનરો ઉપસ્થિત રહ્યા હતા.

ઉપસ્થિત મહેમાનોના સન્માન બાદ જોગાનુજોગ જેમનો આજે જન્મ દિવસ હતોતેવા નિવૃત્ત ઉપમહાપ્રબંધક શ્રી રાહુલભાઈ મહેતા તેમજ એસબીઆઈપીએના મહેસાણાનાં કમિટી મેમ્બરશ્રી મધુભાઈ







સોલંકીનું સન્માન કરી જન્મ દિવસની શુભેચ્છાઓ પાઠવવામાં આવી.

ત્યારબાદ ગાંધીનગર મોડ્યુલના સહાયક મહાપ્રબંધક શ્રી રામાણી સાહેબે એમના ટૂંકા ઉદ્‌બોધનમાં પેન્શનર્સને પૌત્રો-પૌત્રીઓ માટેની ચિલ્ડ્રન સ્કિમમાં રોકાણ કરવા કહ્યું. તેમ જ એસબીઆઈના નવા આવનારા મ્યુચ્યુઅલ ફંડમાં રોકાણ કરી ભરપૂર ફાયદો મેળવવા, પણ સાથે સાથે જોખમ માટે પણ સાવચેત કર્યા. હંમેશા પેન્શનર્સના પ્રશ્નોના નિરાકરણ માટે સદાય તત્પર રહેતા પીપીજી ડિપાર્ટમેન્ટના સહાયક મહા પ્રબંધક શ્રી એસ. રંજનદાસ સાહેબે જણાવ્યું કે તેઓ ત્રણ વર્ષથી પેન્શનર્સના પ્રત્યેક કાર્યક્રમમાં હાજર રહેતા આવ્યા છે અને પેન્શનર્સના પ્રશ્નનું ઝડપી અને શક્ય એટલું નિરાકરણ લાવવા પ્રયત્ન કરે છે. પ્રમુખશ્રી રમેશભાઈ ચોક્સીએ જણાવ્યું કે કારોબારી અને હોદ્દેદારોને બિનહરીફ નિર્વાચિત કરાવવા બદલ, શ્રી અશોક રિંડાણીજીના ઘનિષ્ઠ અને સફળ પ્રયત્નો બદલ આભાર માન્યો અને એસોસિયેશનનો સારો એવો ચૂંટણી ખર્ચની બચતનો ઉલ્લેખ કર્યો.

એસબીઆઈપીએના જનરલ સેક્રેટરી શ્રી કમાલ કાદરીએ પણ પ્રમુખશ્રીની વાત દોહરાવી શ્રી કમાલભાઈએ ચેરમેન સાથેની આપણી માંગના સંદર્ભે વિષેશ માહિતી આપી. પેન્શનર્સને ભવિષ્યમાં મળનારા લાભો અને સુવિધાની વાતથી પેન્શનર્સને ખુશ કરી દીધા. આપણા પેન્શનર્સની વધતી આયુ અને ગાંધીનગર એ બાબતે ચોથો નંબર આવે છે, એ બદલ ખુશી વ્યક્ત કરી. પુનઃ ચૂંટાઈ આવ્યા પછી આ પહેલી મિટીંગ હતી, જે ખાસ બની રહી.

ગાંધીનગર શહેર અને જિલ્લાના પેન્શનરો કે જેમણે ૭૦



વર્ષની વય પૂર્ણ કરેલ તેમજ લગ્નજીવનના ૫૦ વર્ષ પૂર્ણ કરનાર દંપત્તિનું ભવ્ય સન્માન કરવામાં આવ્યું. મહાનુભાવોએ દીર્ઘાયુષ્ય અને તંદુરસ્ત લગ્નજીવનની શુભેચ્છા પાઠવી. ગાંધીનગરના એક્ટિવ કારોબારી સભ્યો સર્વશ્રી શૈલેષભાઈ જોશી, આઈ. જી. પરમારની જોડીએ અને તેમની ટીમની સખત મહેનતે કાર્યક્રમને ભવ્ય બનાવ્યો. આ કાર્યક્રમના સહયોગી શિલ્પીકારો સર્વશ્રી કે. સી. સોની, અશોક ત્રિવેદી, અજિત પટેલ, વિજય ધોકાઈ, તરુણ શુક્લ, ભરત જોશી, શરદ પરીખ, સી. જી. ચિમનાની, એસ. ડી શર્મા, વી. એસ. પંડિત, પી. ડી. ઝાલા, જતીન મણિયાર વિગેરેના યોગદાનથી કાર્યક્રમને યાદગાર બનાવી દીપાવ્યો હતો. ગાંધીનગરના વડીલ એવા શ્રી અશોક રિંડાણીજીનું માર્ગદર્શન શરૂથી અંત સુધી મળ્યું.

કાર્યક્રમનું શાનદાર સંચાલન શ્રી નિતિન ઠાકરે કર્યું હતું. શ્રી મનમોહન શર્માએ કાર્યક્રમનું ફેસબુક પર લાઈવ પ્રસારણ કરી દુરસુદુરના પરિવારજનોને કાર્યક્રમ માણવાની તક પૂરી પાડી.

ફરીથી શ્રી શૈલેષ જોશી તથા શ્રી આઈ.જી. પરમાર અને તેમની સમગ્ર ટીમના સુયોજિત આયોજનથી કાર્યક્રમને યાદગાર બનાવવા બદલ અભિનંદન પાઠવ્યા.

બ્રેકિંગ ન્યુઝ

પેન્શન અપડેશન માટે સુપ્રિમ કોર્ટમાં ચાલી રહેલ એમ. સી. સીંગલા કેસની સુનાવણી તા. ૧૫-૧૦-૨૦૨૬ના રોજ પૂર્ણ થયેલ છે. વાદી અને પ્રતિવાદી પોતાની લેખિત રજુઆત માટે ઓનરેબલ લોર્ડશીપે ૧૫ દિવસનો સમય આપેલ છે. (ફેડરેશન, આઈબીએ અને ગવર્નમેન્ટ ઓફ ઈન્ડિયા) માનનીય ન્યાયધીશોના હકારાત્મક વલણથી વર્ષો જૂની વણઉકેલાયેલી પેન્શન અપડેશનની માંગણીનું નિવારણ થાય તેવાં સંજોગો ઉભા થયેલ છે. તેથી મોડામાં મોડું નવેમ્બર સુધીમાં સીંગલા કેસનો હુકમ થાય તેવી ધારણા છે.



અભિનંદન

તાજેતરમાં જ તા. ૧૧-૦૯-૨૦૨૬ના રોજ ચેન્નાઈ ખાતે આયોજિત બેંક ઓફ બરોડા નેશનલ કેરમ ટુર્નામેન્ટમાં એસબીઆઈપીએ-ભાવનગરના કારોબારી સમિતિ સભ્ય શ્રી ભાસ્કરભાઈ રાઠોડની **પુત્રી રાધિકા રાઠોડ જેઠવા** રનર્સઅપ બન્યા છે. ૨૦૨૩માં ચેમ્પિયન, ૨૦૨૪માં ચેમ્પિયન અને ૨૦૨૬માં રનર્સ અપ બની પરંપરા જાળવી રાખી છે. એસબીઆઈ પેન્શનર્સ એસોસિયેશન-ગાંધીનગર સર્કલ પુત્રી રાધિકાર રાઠોડને અઢળક અભિનંદન સાથે જીવનમાં વધુ ઉજ્જવળ કારકીર્દી માટે શુભકામના પાઠવે છે.



Dr. Kavan Shah
Dental Surgeon &
Implantologist
+91 98791 47773

Dr. Priyanka Shah
Cosmetic Dentist
+91 99250 42985

302-303, Third Floor, Harvey Complex,
Nr. A-One School, Subhash Chawk,Gurukul Road,
Ahmedabad 380 052.
e-mail : kavantshah@gmail.com

Dental Care
Under One Roof

Time : 10.00 am to 1.30 pm / 4.30 pm to 8.00 pm

For Appointments : **+91 98791 47773**

Free Check up for **SBI Pensioners.**

PHOENIX HOSPITAL, NARODA

ફીનિક્સ હોસ્પિટલ, નરોડા
મલ્ટિસ્પેશિયાલિટી હોસ્પિટલ

૫૫ બેડ સાથેની હોસ્પિટલ

૨૪ બેડ આઇ. સી. યુ.

૨૪ બેડ વોર્ડ (જેમાં સ્પેશીયલ, સેમી સ્પેશીયલ, અને જનરલ રૂમ)

૨ ઓપરેશન થીયેટર (મોડ્યુલર અને જનરલ)

ફુલ ટાઈમ ઇન્ટેન્સિવિસ્ટ દ્વારા થતી સારવાર



24 hr EMERGENCY

NABH

EMERGENCY એટલે PHOENIX HOSPITAL

કેશલેસ - મેડીક્લેમ સુવિધા ઉપલબ્ધ

SBI general INSURANCE

અને અન્ય 30+ કંપનીઓ*

+91 87349 00444
ઇમરજન્સી

+91 87348 00444 રિસેપ્શન
+91 70690 80444 મેડીક્લેમ

બીજો અને ત્રીજો માળ, ૨૩૯ થી ૨૫૨, અને ૩૨૩ થી ૩૨૫, સી.ટી. સેન્ટર આર્કેડ, એપલ હોસ્પીટલની નીચે, એસ.આર. પી. કેમ્પની, નરોડા પાટીયા, નરોડા હાઇવે, કૃષ્ણનગર, અમદાવાદ-૩૮૨૩૩૦, ગુજરાત

તમામ પેન્શનરો/ફેમિલી પેન્શનરો માટે તા. ૦૧-૧૧-૨૦૨૬થી ૩૧-૧૦-૨૦૨૭ના વર્ષ માટે જીવન પ્રમાણપત્ર (લાઈફ સર્ટીફીકેટ) સબમીટ કરવા અંગે અગત્યની માહિતી

૮૦ વર્ષથી વધુ વયના પેન્શનર્સ / ફેમિલી પેન્શનર્સ માટે ડિજીટલ જીવન પ્રમાણપત્ર તા. ૧લી ઓક્ટોબરથી ૩૧ જાન્યુઆરી-૨૦૨૭ દરમિયાન સબમીટ કરી શકશે

આ વર્ષે ૮૦ વર્ષથી વધુ વયના પેન્શનર્સ / ફેમીલી પેન્શનર્સ માટે ડીજીટલ લાઈફ સર્ટીફીકેટ સબમીટ કરવાનો આગ્રહ રાખવો. ગયા વર્ષે જે પેન્શનરોએ લાઈફ સર્ટીફીકેટ મેન્યુઅલી સબમીટ કરેલ તેવા લાઈફ સર્ટીફીકેટોમાં શાખા દ્વારા જરૂરી કાર્યવાહી કરવાની રહી જવાથી ઘણાં પેન્શનર્સ મિત્રોના પેન્શન બંધ થવા સુધીના પ્રશ્નોનો સામનો કરવો પડ્યો હતો. તેથી આ વર્ષે પેન્શનર્સ એસોસિયેશન દ્વારા ખાસ તાકીદ તેમજ કાળજી રૂપે તમામ પેન્શનરોએ માત્ર ડીજીટલ લાઈફ સર્ટીફીકેટ સબમીટ કરવા જણાવવામાં આવે છે. જેની ખાસ નોંધ લેવી. ડીજીટલ લાઈફ સર્ટીફીકેટ સબમીટ કરવા માટે પહેલાં એચઆરએમએસમાં પેન્શનરનો ફોટોગ્રાફ અપલોડ કરેલો હોવો જરૂરી છે. સાથે ફેમિલી પેન્શનરનો ફોટોગ્રાફ તેમજ ડોક્યુમેન્ટની સંપૂર્ણ વિગત અપલોડ કરવી. વર્ષ તા. ૦૧-૧૧-૨૦૨૬ થી ૩૧-૧૦-૨૦૨૭ માટે સુરક્ષિત અને સરળ રીતે પોતાનું 'જીવન પ્રમાણપત્ર' સબમીટ કરવા માટે નીચેની પ્રોસિજર પ્રમાણેની કાર્યવાહી કરવાની રહેશે.

Facility to submit digital Life Certificate :

Staff Pensioner can submit Video Life Certificat through HRMS App (hrms.bank.sbi)

ખાસ કરીને ડિઝીટલ લાઈફ સર્ટીફીકેટ HRMS એપ (hrms.bank.sbi)માં જઈને વિડિયો બેઝ આઈડેન્ટીફિકેશન દ્વારા સબમીટ કરવા માટે નીચેની પ્રોસેશથી જીવન પ્રમાણપત્ર (લાઈફ સર્ટીફિકેટ) સબમીટ કરી શકશો.

Step-1 : login to hrms.bank.sbi, with your credentials, Insert OTP

Step-2 : Click on Life Certificate tab Select submit Live Certificate you can apply life certificate using Video Life Certificate

Step-3 : Start Video recording system will ask you simpal (5) questions. Reply all of them. then submit.

Before submiting, verify your Video recording by pressing play button If Video recorded properly then submit life certificate for year 2026-27.

System will give a massage, Life Certificat submitted successfully.

Stage-2 : Approval by Bank Officials

* The Video bassed Life certificate is approved by the designated Bank official at LHO level. SMS and E-mail will sent to your registar mobile. Your Life Certificate apporved for year 01-11-2026 to 31-10-2027.
* In case any further clarification is required, the approving official calls the pensioners on the registered mobile number.
* In case the uploaded "Video Based Life Certificate" cannot be approved for any reasons (viz. poor video quality, incorrect answers given by the pensioner etc.) the approving official rejects it with his remarks/comments. SMS and email is sent to pensioner with the remarks entered by the approving official.

કોઈ પણ પેન્શનર્સ મિત્રને જીવનપ્રમાણ પત્ર (લાઈફ સર્ટીફિકેટ) સબમીટ કરવામાં તકલીફ અનુભવતા હોય તો એસબીઆઈ પેન્શનર્સ એસોસીએશન ઓફિસ, આંબાવાડી, અમદાવાદનો રૂબરૂ અથવા ફોનથી સંપર્ક કરી શકશો. વધુમાં આપનું લાઈફ સર્ટીફીકેટ ઓનલાઈન સબમીટ કરવામાં અમદાવાદ ઓફિસ તથા તમામ મોડ્યુલ હોદ્દેદારો મદદરૂપ થશે. ખાસ કરીને અમદાવાદ શહેરમાં પેન્શનર્સ એસોસિયેશન ઓફિસ-આંબાવાડી તેમજ એસબીઆઈ મુખ્ય શાખા, મણીનગર શાખા, ઠક્કર બાપાનગર શાખા, નારણપુરા શાખા ખાતે એસબીઆઈપીએના પ્રતિનિધિ ઉપસ્થિત રહીને આપને મદદરૂપ થશે. જેનો વિગતવાર માહિતી સાથેનો મેસેજ વોટ્સએપમાં જણાવવામાં આવશે.

એસબીઆઈ પેન્શનર્સ એસોસિયેશન-રાજકોટ દ્વારા નેત્રહીન બહેનોને ડ્રેસ વિતરણ



એસબીઆઈ પેન્શનર્સ એસોસિયેશન-રાજકોટ દ્વારા આપણા વરિષ્ઠ પેન્શનર્સ શ્રી જમનભાઈ પરમારના સંપૂર્ણ આર્થિક સહયોગથી જેમણે ઉગતા સૂરજને જોયો નથી, પૂનમની ચાંદની શીતળતા નિહાળી નથી, બગીચામાં ખીલતા રંગબેરંગી પુષ્પોનું સૌંદર્ય માણ્યું નથી કે ખીલખીલાટ હસતા નિર્દોષ બાળકોના મુખડા જોયા નથી એવી શહેરના ટેબર રોડ પર સ્વામિનારાયણ ગુરૂકુળ પાસે આવેલ અંધ મહિલા વિકાસ ગૃહમાં રહેતી ૧૧૦ દીકરીઓને નવરાત્રી મહોત્સવ નિમિત્તે સરસ મજાના ડ્રેસનું વિતરણ સંસ્થાના ટ્રસ્ટી દીનાબેન મોદી, શ્રી અને શ્રીમતી જમનભાઈ પરમાર, શરદભાઈ દવે, અનુપમ દોશીના હસ્તે કરવામાં આવેલ.

એસબીઆઈપીએ-રાજકોટ મોડ્યુલના ડીજીએસ શ્રી શરદભાઈ દવેએ આપણા પેન્શનર જમનભાઈ પરમારની ઉમદા સેવાભાવનાને બિરદાવી હૃદયપૂર્વક આભાર વ્યક્ત કરેલ.

મંથલી મિટીંગ-ભાવનગર



એસબીઆઈ પેન્શનર્સ એસોસિયેશન-ભાવનગર યુનિટની મંથલી મિટીંગ તા. ૦૫-૦૯-૨૦૨૬ શનિવારના રોજ એડમિન ઓફિસ, નિલમબાગ, સ્ટાફ કેન્ટીનમાં યોજવામાં આવેલ. શરૂઆતમાં સ્વાગત પ્રવચન ભાવનગર મોડ્યુલના ડીજીએસ શ્રી ભરત ભટ્ટે કરેલ. સર્વશ્રી રમેશ વ્યાસ, શૈલેષ ભટ્ટ, નીતિન ત્રિવેદી તથા નરેન્દ્ર ત્રિવેદીને વિવિધ ક્ષેત્રમાં શ્રેષ્ઠ કામગીરી અને રાજ્યમાં અને દેશમાં નામના મેળવવા બદલ મહાનુભાવના હસ્તે પ્રેમના પ્રતિકરૂપે ગીફ્ટ આપી સન્માન કરવામાં આવેલ.

સમગ્ર કાર્યક્રમનું સંચાલન શ્રી રમેશ દુસેજાએ કરેલ. આભાર દર્શન શ્રી એ. એમ. ચૌહાણે કરેલ. આ મિટીંગમાં પેન્શનરો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યાં હતા અને પરસ્પર સ્નેહના સુંદર વાતાવરણ વચ્ચે મિટીંગ સંપન્ન થઈ હતી.



અભિનંદન

આપણા પેન્શનર પરિવારના સદસ્ય શ્રી ડી. આર. જોષીની સુપુત્રી **ડો.ચૈતાલી**ને તાજેતરમાં શ્રી મહર્ષિ કોલેજ ઓફ વૈદિક એસ્ટ્રોલોજી, ઉદયપુર દ્વારા જ્યોતિષશાસ્ત્રમાં Phd. (પીએચડી) એનાયત કરવામાં આવેલ છે. એસબીઆઈ પેન્શનર્સ એસોસિયેશન, ગાંધીનગર સર્કલ ડો. ચૈતાલીને હાર્દિક અભિનંદન પાઠવે છે.

અરિહંત ઓર્થોપેડિક હોસ્પિટલ અને જોઈન્ટ રિપ્લેસમેન્ટ સેન્ટર



Dr. Tejas Gandhi
M S ortho (Gold medalist)
Senior Joint Replacement Surgeon

Pioneer in MICRO Knee Surgery
Fellowship SGH Hospital (singapore)
oxford university (U.K)

૨૦,૦૦૦ થી પણ વધુ
જોઈન્ટ રિપ્લેસમેન્ટ સર્જરી નો બહોળો અનુભવ

રોબોટિક જોઈન્ટ રિપ્લેસમેન્ટ સર્જરી ઉપલબ્ધ



રોબોટિક જોઈન્ટ રિપ્લેસમેન્ટ ના ફાયદા

- સાંધાની સચોટ ગોઠવણ અને સંતુલન
- નહિવત દુખાવો, અત્યંત ઝડપી રિકવરી
- સિટી સ્કેન કે એમ.આર.આઈ ની જરૂરીયાત નથી
- સ્નાયુ સાચવીને થતી સબવાઈસ્ટ પદ્ધતિ
- સંપુર્ણ લિગામેન્ટ સંતુલન સાથે ૧૨૦° થી વધુ વળતા સાંધા (Hiftex Joint)

KNEE PAIN I HIP PAIN માટે
ફ્રી કન્સલટેશન અને X-RAY

SBI, ESBI, PENSIONER'S AND SPOUSE માટે કેશલેસ સુવિધા ઉપલબ્ધ

વધુ માહિતી માટે સંપર્ક કરો :- અમિત પટેલ (M) :- 7572936190, 82381 36190

બીજો માળ, ઉપનિષદ કોમ્પલેક્ષ, શ્રધ્ધા હિરો શોરૂમ ની ઉપર
શ્રેયસ ફ્લાય ઓવરબ્રિજના નીચે, માણેકબાગ, આંબાવાડી, અમદાવાદ

079 26445011, 079 26445014, www.drtejasgandhi.com

લેવી/ડોનેશન માટે ખાસ સુચના

મિત્રો, આ બાબતની સતત જાણ આપને કરતા આવ્યા છીએ. આપ સૌને મળેલ લાભની રકમથી (એક્સગ્રેસિયા અને ૪૦% થી ૫૦% વધારા) પેન્શનમાં વધારો થવાથી આપ સૌ ખુશ છો જ. હવે પેન્શનર્સ એસોશિયેશનને પોતાની જવાબદારી નિભાવવા આપના સહકારની જરૂરિયાત છે. તે માટે આપને ફરીવાર યાદ અપાવીએ છીએ કે આપની લેવી/ડોનેશનની રકમ જમા કરાવવાની બાકી હોય તો વિના વિલંબે તુરંત જ ઓનલાઈન અથવા ચેક દ્વારા મોકલી આપવા વિનંતી કરીએ છીએ. આપણા એસોસિએશનનો ખાતા નંબર નીચે પ્રમાણે છે. ઓનલાઈન જમા કરાવતી વખતે આપનો પી.એફ. નંબર ખાસ લખવા વિનંતી.

Name : SBI Pensioners Association Account No. : 30855862333

Branch Name: AHMEDABAD MAIN BRANCH, AHMEDABAD (00301)

Branch IFSC Code: SBIN0000301

PF No. : _____ Name : _____ MOBILE No. : _____

LEVY / DONATION

જે મિત્રોએ તા.૦૧-૦૯-૨૦૨૬ થી તા. ૩૦-૦૯-૨૦૨૬ સુધીમાં લેવી / ડોનેશન જમા કરાવેલ છે તેઓની યાદી નીચે પ્રમાણે છે. જેઓએ તા.૩૦-૦૯-૨૦૨૬ પછી લેવી કે ડોનેશન જમા કરાવેલ છે, તેઓના નામ નવેમ્બર માસના અંકમાં પ્રસિદ્ધ થશે. જેની નોંધ લેવા વિનંતી.

Date	P F No.	Name of the Pensioner / Firm	Receipt	Amt.
		DONATION		
19-Jun-26	1718835	DINESHCHANDRA C. PARMAR	29353	5000
07-Sep-26	1708112	JAGDISHCHANDRA C. MEHTA	29321	5000
19-Jun-26	1705482	AMRUTLAL G. HINGRAJIA	29354	2500
19-Jun-26	1705466	GIRISH P. PATEL	29355	2500
19-Jun-26	1705989	DILIPKUMAR Y. PATHAK	29356	2500
19-Jun-26	743704	PARESHKUMAR B. SHAH	29357	2500
19-Jun-26	6038476	YOGESHBHAI V. GANDHI	29358	2000
19-Sep-26	3546586	RAJENDRASINH J. JADEJA	29332	2000
22-Sep-26	1708341	RAMESHCHANDRA D. AJBANII	29339	1109
19-Jun-26	744611	SHASHIKANT C. KINARIWALA	29359	1100
19-Jun-26	8276803	MUKUNDRAY N. RAVAL	29360	1100
05-Sep-26	1737910	RAJENDRA T. JUVARIWALA	29313	1000
05-Sep-26	2900696	DILIP B.SONAWANE	29315	1000
05-Sep-26	734071	DILIP T. MAJMUDAR	29316	1000
05-Sep-26	738735	RAJENDRA N. PANDYA	29317	1000
05-Sep-26	2899884	PARESH M. PANDYA	29312	1000
12-Sep-26	8265771	CHANDRAKANT T. MEHTA	29338	1000
28-Sep-26	5182484	JETHALAL G. VADUKAR	29344	1000
05-Sep-26	3531473	DINANATH P. BHOPE	29314	500
12-Sep-26	738654	MOHINIBEN A. UBHIRIYANI	29326	365
23-Sep-26	1711830	RAMLAKHAN S. VARMA	29340	365

With Best Compliments from

Bhalla

Dr. Manjit Sing Bhalla

Dental Surgeon (B.D.S.)

to

SBI PENSIONER'S ASSOCIATION, AHMEDABAD CIRCLE

Bhalla Dental Clinic and Implant Centre

2nd Floor Galaxy Mall,
Nehrunagar Char Rasta,Satellite Road,
Ahmedabad-380 015 Gujarat. INDIA

E-mail : msbhalla@drbhalla.com
Tel. Clinic:+91 79 26730407, 9033050240
Resi. : 91+91 79 26852946, 26852744

(M) +91 9824193935 • Timings : 9.00 am 1.00 pm & 5.30 pm to 9.30 pm

Note : Free Consultation for All SBI Pensioners

પ્રભુશરણ

ક્રમ	પી.એફ.નં.	પેન્શનર્સ / ફેમિલી પેન્શનર્સનું નામ	સ્થળ	મોબાઈલ	અવસાન તારીખ
૧.	6156916	રમણલાલ જેઠાલાલ પરમાર	અમદાવાદ	6352202150	૧૫-૦૯-૨૦૨૬
૨.	734020	કિશોર નટવરલાલ મુન્શી	અમદાવાદ	9408282448	૧૬-૦૯-૨૦૨૬
૩.	358002	એચ. વી. મન્ડેરા	અમદાવાદ	9909266875	૨૮-૦૯-૨૦૨૬
૪.	8267332	દિનકરરાય હરીલાલ ભટ્ટ	અમદાવાદ	9979425256	૨૭-૦૯-૨૦૨૬
૫.	735329	બંસીલાલ ચુ. પાઠક	સુરત-બીલીમોરા	--	૧૭-૦૭-૨૦૨૬
૬.	5182492	ભરતભાઈ આર. પરીખ	ગાંધીનગર	9427233790	૦૮-૧૦-૨૦૨૬
૭.	5177669	અગરસંગ બી. રાઠોડ	લીંબડી	--	૨૮-૦૯-૨૦૨૬
૮.	1721089	જીતેન્દ્ર ઠાકોરલાલ શાહ	વડોદરા	9428169516	૦૯-૧૦-૨૦૨૬
૯.	347043	રશ્મીબેન ભવસુખભાઈ કચ્છી (ફેમીલી પેન્શનર)	વડોદરા	9998003224	૦૬-૧૦-૨૦૨૬
૧૦.	2901633	રમેશકુમાર આર. વ્યાસ	વડોદરા	--	૦૬-૦૯-૨૦૨૬
૧૧.	729035	ભાવિનીબેન અરવિંદભાઈ વોરા (સ્પાઉસ)	રાજકોટ	9426849718	૧૧-૧૦-૨૦૨૬
૧૨.	731234	વિલાસ દિલીપભાઈ ચોક્સી (સ્પાઉસ)	અમદાવાદ	9428018950	૦૮-૧૦-૨૦૨૬
૧૩.	2887142	સુનીલ કાન્તિલાલ મેકવાન (ફેમીલી પેન્શનર)	અમદાવાદ	9099757438	૧૦--૧૦-૨૦૨૬
૧૪.	734438	ભરત જે. ટીકડિયા	ધોળકા	9723828989	૧૬--૧૦-૨૦૨૬
૧૫.	700444	જિતેન્દ્ર નવનીતલાલ શાહ	અમદાવાદ	9824042287	૧૦-૧૦-૨૦૨૬
૧૬.	725269	રમેશ એન. પટેલ	અમદાવાદ	9328686227	૧૪--૧૦-૨૦૨૬
૧૭.		સુરેશભાઈ મદનલાલ બારોટ	ભરૂચ	9429671067	૧૩--૧૦-૨૦૨૬
૧૮.	8271623	જયંતકુમાર દામોદરદાસ શાહ	ભાવનગર		૨૨--૧૦-૨૦૨૬
૧૯.	8275742	મંગળદાસ બાલુભાઈ ગાંધી	ઉના		૨૩--૧૦-૨૦૨૬
૨૦.	5178797	ભરતભાઈ મણીશંકર રાજ્યગુરૂ	ભાવનગર		૨૪--૧૦-૨૦૨૬
૨૧.	5179769	દિનાબેન જવાહર સંઘવી	ભાવનગર		૨૫--૧૦-૨૦૨૬

પ્રભુ, સદ્‌ગતના દિવ્ય આત્માને ચિર શાંતિ અર્પે તેવી પ્રાર્થના સાથે ભાવભીની શ્રદ્ધાંજલિ અર્પણ કરીએ છીએ.

ખાસ નોંધ : પેન્શનર્સના અવસાનની માહિતી આપનારે પેન્શનર્સનું પુરૂં નામ, પી.એફ. નંબર અને મોબાઈલ નંબર અવશ્ય જણાવવો.

જીવનનું સૌથી મોટું સત્ય એ છે કે જન્મ અને મૃત્યુ વચ્ચેનો સમય જ આપણું સાચું જીવન છે. જેમા પરિવર્તન એ જ એકમાત્ર સ્થિર નિયમ છે અને દરેક વ્યક્તિએ પોતાની સફર જાતે જ પૂરી કરવાની હોય છે.



Eye-care® Hospital

ફ્રી આંખની તપાસ

SBI, eSBI ના પેન્શનર્સ તથા
તેમના કુટુંબીજનો માટે

(અદ્યતન સાધનો દ્વારા આંખની સોનોગ્રાફી સહીત)

- Cataract
- Cornea
- Lasik
- Retina
- Glaucoma
- Oculoplasty

આઈ-કેર હોસ્પિટલના નિષ્ણાંત સર્જન

ડૉ. શશાંક રાઠોડ
ડૉ. આંશી રાઠોડ

સમય: સવારે **9:00** થી **12:00**,
બપોરે **3:00** થી સાંજે **6:00** વાગ્યા સુધી

Eye-care® Hospital

પોલીટેકનીક રોડ,
કેતવ પેટ્રોલ પંપની પાછળ,
અમદાવાદ- ૩૮૦૦૧૫

૯૮૨૪૦૮૬૬૧૧
૦૭૯-૨૬૪૪૬૧૩૩

www.eyecarehospital.org
www.eyecarelasikcentre.com



Dr. Nimesh Patel

MS, FLVPEI
Vitreo Retina & Uvea Consultant

iRetina Centre
by LVPEI alumnus

ફ્રી આંખની તપાસ

SBI, eSBI ના પેન્શનર્સ તથા
તેમના કુટુંબીજનો માટે

(અધ્યતન સાધનો દ્વારા આંખની સોનોગ્રાફી સહિત)

- **Cataract**
- **Lasik**
- **Glaucoma**
- **Cornea**
- **Retina**
- **Oculoplasty**

5000 થી વધુ સફળ સર્જરી નો અનુભવ ધરાવનાર
આંખના પડદા (રેટીના) સ્પેશિયાલીસ્ટ

ડૉ. નિમેશ પટેલ

સમય:
સવારે **9:00** થી સાંજે **5:30** વાગ્યા સુધી

iRetina Centre
by LVPEI alumnus

iRetina હોસ્પિટલ નું સરનામું:
B 232-233, મની પ્લાન્ટ હાઈસ્ટ્રીટ,
જગતપુર રોડ, SG હાઇવે, અમદાવાદ

+91 9979471010
+91 7572936190

Registered under RNI No. GUJBIL/2007/29606.
"Registrered under Postal Registration No. GAMC-1658/2021-2023 valid upto X31st December-2023 issued by the SSPO's, Ahmedabad City Division, Permitted to post at Ahmedabad PSO, on 26th of every month."
Licensed to Post Wihout Prepayment No. PMG/NG/053/2021-23 valid upto 31/12/2023



ડો. પ્રતાપ દેસાઈ આઈ હોસ્પીટલ

ડો. પ્રતાપ દેસાઈ M.S. (ઓપ્થોલમોલોજી)

ડો. હેમાક્ષી પી. દેસાઈ M.S. (ઓપ્થોલમોલોજી)

ડો. સુરોહી શાહ M.S. (ઓપ્થોલમોલોજી)

રિટાયર્ડ સિનિયર મેડીકલ ઓફીસર, SBI, LHO, અમદાવાદ.

હવે નવા સરનામા ઉપર અત્યાધુનિક સુવિધા સાથે જુનો વિશ્વાસ

ક્લિનિક: ૨૦૧/૨૦૨, ક્ષિતીજ આર્ય, આઈઓસી પેટ્રોલ પંપ પાસે, ગોલ્ડન ટ્રાયેન્ગલ સામે, સ્ટેડીયમ રોડ, અમદાવાદ-૩૮૦૦૦૯.

મળવાનો સમય : સવારે ૯.૩૦ થી ૦૧.૦૦ તથા સાંજે ૪.૦૦ થી ૭.૦૦ એપોઈન્ટમેન્ટ : (મો) ૯૩૧૬૫૫૫૧૫૦, ૦૭૯-૨૬૫૬૪૫૪૭

ચશ્માના નંબર લેજરથી ઉતારવા માટે : ક્લિયરવ્યુ લેસર સેન્ટર, સ્ટેડિયમ પ્લાઝા, યોગેશ ખમણ પાસે, સ્ટેડિયમ રોડ, અમદાવાદ-૩૮૦૦૧૪ ● સમય : સવારે ૧૦.૦૦ થી ૫.૦૦ ● ફોન : ૭૯૪૮૪૬૦૨૦૨, ૯૭૨૫૪૪૭૩૭૩

ડો. પ્રતાપ દેસાઈ પણ SBIના જ પેન્શનર્સ છે. જેમણે અવિરત છેલ્લા ૩૨ વર્ષથી SBI પરિવાર માટે સિનિયર મેડિકલ ઓફિસર તરીકે નિ:સ્વાર્થ સેવાઓ આપેલ છે.

ડો. દેસાઈની આઈ હોસ્પિટલ પેરેમાઉન્ટ ટીપીએ, એસબીઆઈ જનરલ ઈન્સ્યોરન્સ સાથે પ્રિમિયમ કેટેગરીમાં જોડાયેલ છે.
(PPN Hospital Networkના રેટ્સ અમારી સર્જરી માટે લાગુ પડતા નથી) SBI અને e-SBI પેન્શનર્સ અને તેમના સ્પાઉઝને નિ:શુલ્ક કન્સલ્ટેશન

● એસબીઆઈ એમ્પ્લોઈઝ માટે ખાસ ●

સુવિધા કેસલેશ જેવી, લેન્સ ઉચ્ચતર ગુણવત્તાવાળો, કેસલેસ ક્લેઈમમાં લિમિટ હોવાથી લેન્સની ગુણવત્તામાં લિમિટ આવતી હોય છે. Reimbursementમાં કેસલેસની વધુ સુવિધાઓ

મંથલી મિટીંગ : નવેમ્બર માસની મંથલી મિટીંગ તા. ૧૮-૧૧-૨૦૨૬ના રોજ ત્રીજા બુધવારે બપોરે ૩.૩૦ કલાકે, બીજો માળ, સ્ટાફ કેન્ટીન, સ્ટેટ બેન્ક ઓફ ઈન્ડિયા, જુની લોકલ હેડ ઓફિસ, લાલ દરવાજા, અમદાવાદ ખાતે યોજવામાં આવશે. અમદાવાદના તમામ પેન્શનરોને મોટી સંખ્યામાં ઉપસ્થિત રહેવા અપીલ છે. આ મિટીંગ એસબીઆઈ પેન્શનર્સ એસોસીએશન દ્વારા ફેસબુક ઉપર લાઈવ કરવામાં આવશે.

સભ્યો માટે સંપર્ક સ્થળ : એસબીઆઈ ઝોનલ ઓફિસ
ત્રીજા માળે, સી.એન. વિદ્યાલય, આંબાવાડી, અમદાવાદ-૩૮૦૦૧૫ (સવારે ૧૧ વાગ્યાથી સાંજે ૬ સુધી)
e-mail: gujpension@gmail.com ● whatsapp no. 99982 65158 આ વોટ્સએપ નંબર ઉપર માત્ર મેસેજ કરવો કોલ કરવો નહિં.
President - R. N. Choksi : 7600978838 (Vadodara) General Sec. - Kamal Kadri: 9825578619

The Views expressed in the articles/write ups in the magazine are not necessarily those of the Association / Editorial Board. Readers will please refer to the concerned writers / Authors as to the authenticity of facts/ figures.

The advertisement in the magazine are only commercial ones and don't confer any assurances/ recommnedations from the part of the Association and its office-bearers/ Editorial Board members. Readers may make any transactions with them only after their independent enquiries.

Printed & Published by : Kamal Kadri on behalf of State Bank of India Pensioners' Association & **Printed at : Print Vision,**
Near Central Bank of India, Ambawadi Bazar, Ahmedabad-380006.
Published from: SBI Zonal Office, 3rd Floor, C.N. Vidhayalay, Ambavadi, Ahmedabad-380015
Editor : Kamal Kadri **Editorial Board : R. N. Choksi, Smt. Lalitha Iyer, Kantilal Parmar, Chintak Patel**

If undelivered please return to :
● પ્રકાશન સ્થળ ●
એસબીઆઈ ઝોનલ ઓફિસ
ત્રીજા માળે, સી.એન.વિદ્યાલય,
આંબાવાડી, અમદાવાદ-૩૮૦૦૧૫